ગાંધીનગર સમાચાર

**સીમાંકનના આખરી આદેશોના પગલે રાજકીય ખળભળાટ**



બે દિવસ પહેલાં થયેલા માવઠાને કારણે કેરીઓને અસર થઈ હશે એવી દહેશત કેરીપ્રેમીઓમાં હતી પરંતુ એમના માટે ખુશખબરી એ છે કે કેરીના પાકને ખાસ નુકસાન થયું નથી ને હજુ કેરીઓ આંબા પર સહીસલામત જોવા મળી રહી છે, એટલે ખાવાય પૂરતી ને પૂરતા ભાવમાં મળી રહેશે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# મનપાની મતદારયાદી પ્રસિદ્ધ કરાઈ

## શહેરમાં ૧,૫૦,૨૬૮ નોંધાયેલા મતદારો : ૭૭,૬૯૪ પુરૂષ મતદારો અને ૭૨,૫૭૪ મહિલા મતદારો છે : વોર્ડ નં. ૮માં સૌથી વધુ મતદારો, સૌથી ઓછા મતદારો વોર્ડ નં. ૪માં છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહા નગરપાલિકાની ચૂંટણીને લઈ ગઈકાલે થયેલા આખરી સીમાંકન બાદ આજે શહેરમાં નોંધાયેલા મતદારોની યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે.

શહેરમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૫૦,૨૬૮ દર્શાવવામાં આવી છે. જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૭૭,૬૯૪ અને મહિલા મતદારોની સંખ્યા ૭૨,૫૭૪ હોવાનું જણાવવામાં આવ્યું છે.

મતદારોની દષ્ટિએ સૌથી મોટો વોર્ડ વોર્ડ નં. ૮ બને છે. અહિ નોંધાયેલા મતદારોની સંખ્યા ૨૪૦૯૯ છે. જેમાં ૧૨૧૨૯ પુરૂષ મતદારો અને ૧૧૯૭૦ મહિલા મતદારો છે. આ પછી સૌથી નાનો વોર્ડ મતદારોની દષ્ટિએ વોર્ડ નં. ૪ બને છે. જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૫૮૪૬ છે. જેમાં ૮૨૪૬ પુરૂષ મતદારો અને ૭૬૦૦ મહિલા મતદારો નોંધાયેલા છે.

આ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિમાં ૮ પૈકી પાંચ વોર્ડ એવા છે જ્યાં મહિલા મતદારોની સંખ્યા ૯ હજારથી વધુ અને ૧૨ હજારથી ઓછી છે. જ્યારે ત્રણ વોર્ડ એવા છે જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૧૦ હજારથી વધુ પણ ૧૨૧૫૦ થી ઓછી છે. ત્રણ વોર્ડ એવા છે જ્યાં પુરૂષ મતદારોની સંખ્યા ૯ થી ૧૦ હજારની વચ્ચેની છે. બે વોર્ડ એવા છે જેમાં મહિલા મતદારોની સંખ્યા ૭ હજારથી વધુ અને ૮ હજારથી ઓછી છે.

શહેરમાં ત્રણ વોર્ડ એવા છે

● અનુસંધાન પાના - ૭ પર

### કયા વોર્ડમાં કેટલા મતદારો

| વોર્ડ નંબર | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૧ | ૧૦૧૭૬ | ૯૪૪૩ | ૧૯૬૧૯ |
| ૨ | ૯૪૧૭ | ૮૪૫૨ | ૧૭૮૬૯ |
| ૩ | ૯૮૯૩ | ૯૧૮૩ | ૧૯૦૭૬ |
| ૪ | ૮૨૪૬ | ૭૬૦૦ | ૧૫૮૪૬ |
| ૫ | ૧૦૦૨૯ | ૯૦૩૮ | ૧૯૦૬૭ |
| ૬ | ૮૩૮૬ | ૭૭૮૩ | ૧૬૧૬૯ |
| ૭ | ૯૪૧૮ | ૯૧૦૫ | ૧૮૫૨૩ |
| ૮ | ૧૨૧૨૯ | ૧૧૯૭૦ | ૨૪૦૯૯ |
| કુલ | ૭૭૬૯૪ | ૭૨૫૭૪ | ૧૫૦૨૬૮ |

# બોર્ડ પરીક્ષા માટે જિલ્લામાંથી ૧૭ વિદ્યાર્થીઓને લહીયા માટે મંજુરી

## જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કન્ટ્રોલરૂમ પણ શરૂ કરાયો

ગાંધીનગર તા ૫

ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષા આગામી તા ૮ માર્ચના રોજ શરૂ થશે પરિક્ષાને અનુલક્ષી શિક્ષણ તંત્ર દ્વારા જરૂરી ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાંથી ૫૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. જયારે આ પરિક્ષામાં વિકલાંગ વિદ્યાર્થીઓ માટે અલગ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે આ પૈકી ૧૭ કીસ્સામાં લહીયાની મંજુરી આપવામાં આવી છે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૮ માર્ચના રોજ ધોરણ-૧૦ અને ૧૨ની પરિક્ષા લેવામાં આવશે. જયારે આ પરિક્ષામાં જિલ્લામાંથી અંદાજિત ૫૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ હાજરી આપશે.પરિક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ બોર્ડ દ્વારા જરૂરી તૈયારીઓ કરી દેવામાં આવી છે. પરિક્ષા શાંતિપુર્ણ માહોલમાં યોજાય તે માટે પરિક્ષા સમિતિની બેઠક દરમિયાન પણ જરૂરી આયોજન કરવામાં આવ્યુ છે. પરિક્ષા દરમિયાન વર્ગખંડોમાં કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી ટી વી કેમેરા ગોઠવી દેવામાં આવ્યા છે. જયારે જે વર્ગખંડોમાં સી સી ટીવી કેમેરાની વ્યવસ્થા ન હોય તેવા ૨૦૦ જેટલા વર્ગખંડોમાં ટેબલેટ મુકવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. બોર્ડ પરિક્ષા દરમિયાન વિકલાંગ ઉમેદવારો માટે વિશેષ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે આ દરમિયાન લખવા માટે સક્ષમ ન હોય તેવા વિદ્યાર્થીઓને લહીયાની મંજુરી આપવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી બારડે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આગામી બોર્ડ પરિક્ષા માટે જિલ્લામાંથી ૧૭ વિદ્યાર્થીઓએ લહીયા માટે મંજુરી માંગી હતી. જેમાં ધોરણ-૧૦માંથી ૧૨ અને ધોરણ-૧૨માં ૫ કીસ્સામાં લહીયાની મંજુરી આપવામાં આવી છે. બોર્ડ પરિક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે કન્ટ્રોલ રૂમ શરૂ કરી દેવામાં આવ્યો છે. આ માટે ફોન નં-૨૩૨૫૯૦૬૬ પર સંપર્ક કરવા જણાંવાયુ છે.

# સોમવારે વિદ્યાર્થીઆને બેઠક વ્યવસ્થા જોવા માટે પરીક્ષા કેન્દ્રો ખુલ્લા રહેશે

## સવારે ૯ થી ૧૨:૩૦ કલાક દરમિયાન પરીક્ષાર્થીઓ નંબર જોઈ શકશે

ગાંધીનગર તા ૫

ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષા આગામી મંગળવારથી શરૂ થનાર છે. જયારે પરિક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. બોર્ડ પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરિક્ષાના વર્ગ ખંડોમાં સી સી ટી વી કેમેરાની વોચ પણ રહેશે પરિક્ષા દરમિયાન વિકલાંગ વિદ્યાર્થીઓ માટે નીચેના વર્ગખંડોમાં અલાયદી બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ છે.જયારે પરિક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓને બેઠક વ્યવસ્થાની જાણકારી મળી રહે તે માટે તા ૭ માર્ચના રોજ પરિક્ષા કેન્દ્રો પર નંબરો જોઈ શકાય તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. પરિક્ષાર્થીઓએ નંબરો જોવા માટે આગામી સોમવારે સવારે ૯ થી ૧૨:૩૦ કલાકનો સમય નિયત કરવામાં આવ્યો છે. આ સમય દરમિયાન વિવિધ પરિક્ષા સ્થળો પર વિદ્યાર્થીઓ પોતાની બેઠક વ્યવસ્થા અન્વયે નંબરો જોઈ શકશે. જિલ્લા શિક્ષણાધિકારીના જણાંવ્યા મુજબ પરિક્ષાર્થીઓની સાનુકુળતા માટે આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જો કે આ દરમિયાન વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને વર્ગખંડમાં જવા દેવામાં આવશે નહીં નંબરો જોવા માટે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓએ વર્ગખંડમાં જવાનો આગ્રહ ન રાખવા પણ ડી ઈ ઓ એ જણાંવ્યુ છે.



સાંસ્કૃતિક વારસો : શહેરમાં આજકાલ સાંસ્કૃતિક મહોત્સવની મોસમ જામી છે. શાળા - કૉલેજોના વાર્ષિકોત્સવ અવનવી સાંસ્કૃતિક અભિવ્યક્તિ દ્વારા ઉજવાય છે. માર્ચનો આરંભ એટલે પરીક્ષાનું કાઉન્ટ-ડાઉન સવારથી જ આરંભાતી પરીક્ષાઓના પૂર્વે શહેરની પ્રતિષ્ઠિત પ્રિ-પ્રાયમરી સ્કૂલ લીટલ એન્જલનો વાર્ષિકોત્સવ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. બાળકો દ્વારા ગુજરાતી, રાજસ્થાની નૃત્યોનું અવનવી કૃતિઓ રજૂ કરાઈ હતી. આત્મવિશ્વાસના નિર્માણ માટે યોજાતા સાંસ્કૃતિક ઉત્સવોમાં બાળકો ઉલ્લાસ અને ઉત્સાહથી ભાગ લે છે. અને આંતરિક શક્તિઓ વિકસાવે છે. (તસવીર : દિપક જાની)

# આજે પેટ્રોલિયમ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલ તા. ૬ માર્ચ-૨૦૧૬ રવિવારે સાંજે ગાંધીનગર નજીક પંડિત દિનદયાળ પેટ્રોલીયમ યુનિવર્સિટીના ૪થા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. પી.ડી.પી.યુના આ પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ મૂકેશ અંબાણી તથા અતિથિ વિશેષ તરીકે યુએસએની એનર્જીના હેટ ઓફ ઓઈલ માર્કેટ રિસર્ચ જેમ્સ બુર્ખાર્ડ પણ ઉપસ્થિત રહેવાના છે.

# સીમાંકનના આખરી આદેશોના પગલે રાજકીય ખળભળાટ

## કેટલાક આ મુદ્દે કોર્ટમાં જવા અંગેની પણ તૈયારી કરી રહ્યાની વાતો ચર્ચામાં

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ સીમાંકનના ગઈકાલે રાત્રે થયેલા આખરી આદેશો પછી શહેરના રાજકીય વર્તુળોમાં નવા વિવાદે જન્મ લીધો છે અને આ આખરી આદેશના ફેરફારોને કોર્ટમાં પડકારવા સુધીના પગલાંઓની ચર્ચાઓ આકાર પામી છે.

રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચાઓ મુજબ વોર્ડ નં. ૪ના સીમાંકનની હદમાં ફેરફાર જે રીતે કરવામાં આવ્યો છે તેવા વાંધા પરામર્શ બેઠકમાં ચર્ચામાં જ ન હતા. તેમજ વોર્ડ નં. ૧ અને વોર્ડ નં. ૫માં પણ જે રીતે ફેરફારો કરાયા છે તે ટિકિટવાંચ્છુઓ અને તેમના સમર્થકોને ગલે ઉતરતુ નથી.

વોર્ડ નં. ૪માં આટલા બધા બ્લોક ખોટી રીતે કેમ દર્શાવાયા હતા ? આ બ્લોકોની ફાળવણીમાં જે ફેરફારો થયા તેને પગલે બેઠકોની ફાળવણીમાં પણ વ્યાપક ફેરફારો થતાં બન્ને પક્ષમાં નારાજ થનારાઓની સંખ્યા ઘણી મોટી હોવાનું જાણવા મળેલ છે.

સીમાંકનના આખરી આદેશોમાં જે રીતે વસ્તીના માપદંડ પણ બદલાયા હોવાથી તંત્ર જાણી જોઈને કોઈ રમત રમી રહ્યુ હોવાની વાતો પણ ચર્ચામાં સાંભળવા મળી છે.

આજે કેટલાક લોકોએ પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલનો પણ સંપર્ક કરી અને આ અંગે વિરોધ નોંધાવ્યો હોવાની વાતો પણ લોકજીભે ચર્ચાતી સાંભળવા મળી હતી. રાજકીય વર્તુળોમાં થતી ચર્ચા મુજબ આ સીમાંકનના આખરી આદેશને ન્યાયની અદાલતમાં પડકારવા માટે કાનૂન વિદો સાથે ખાનગીમાં પરામર્શ ચાલી રહ્યો છે. મંગળવાર સુધીમાં આ અંગેની રણનીતિ આખરી થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ ટિકિટ વાંચ્છુઓ અને તેમના સમર્થકોની રાજકીય ગતિવિધિઓ પણ ઝડપથી બદલાતી જોવા મળી રહી છે. બન્ને મુખ્ય રાજકીય પક્ષમાં ક્યાંક ખુશી તો ક્યાંક ગમનો માહોલ જોવા મળી રહ્યો છે અને આગામી દિવસોમાં નવા રાજકીય ધ્રુવીકરણોનું સાક્ષી પાટનગર બનશે તેવા સંકેતો પાટનગરના રાજકીય વર્તુળો આપી રહ્યા છે.

# સ્વાઈન-ફ્લુથી રાયસણના દર્દીનું સારવાર દરમિયાન મૃત્યુ !!

## જિલ્લામાં સ્વાઈન ફ્લુનો મૃત્યુ આંક ચાર પર પહોંચ્યો : બે મહિલા દર્દી અને બે પુરૂષ દર્દીના મોત થયા છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન-ફ્લુને કારણે આજે વધુ એક દર્દીનું મોત થતાં આ રોગને કારણે મૃત્યુ પામનારા દર્દીઓની સંખ્યા ૪ પર પહોંચી છે.

ગાંધીનગર નજીકના રાયસણ ગામના ૪૭ વર્ષીય દર્દી જે અમદાવાદ સ્થિત એક ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા તેમનું આજે દુઃખદ અવસાન થયું છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દીને ડાયાબીટીસ પણ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જિલ્લામાં સ્વાઈન-ફ્લુથી અત્યાર સુધીમાં નોંધાયેલા ૪ મોતમાં બે પુરૂષ દર્દી અને બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

બે મહિલા દર્દીઓ જે મોત પામી છે તે બન્ને દહેગામ તાલુકાની છે, જ્યારે બન્ને પુરૂષ દર્દી ગાંધીનગર તાલુકાના છે. ૪ પૈકી ત્રણ દર્દીઓને ડાયાબીટીસ હોવાનું તપાસ દરમ્યાન જણાયાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

રાયસણ ગામના દર્દીનું આજે ૨૪ દિવસની સારવારને અંતે સારવાર દરમ્યાન જ મૃત્યુ થયું છે.. તેઓ વેન્ટીલેટર પર હતા.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૪ દર્દીઓ સ્વાઈન ફ્લુના નોંધાયા છે. જે પૈકી ૪ના મોત થયા છે. જ્યારે નવ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હજુ એક દર્દી સારવાર હેઠળ છે.





**આભાર**

ગ્રીનસીટી સેકટર - ૨૬ના વસાહતીઓની નર્મદાના નીર મેળવવાની વર્ષોથી પડતર માગણીને ધ્યાને લઈ, કાર્યકર્તાઓની લાગણીને માન આપી

ગ્રીનસીટીના વસાહતીઓને નર્મદાનુ નીર પુરૂ પાડવાની ત્વરિત મંજૂરી આપવા બદલ અમો માનનીય મુખ્યમંત્રી શ્રીમતી **આનંદીબેન પટેલ** અને માનનીય મંત્રીશ્રી **નીતીનભાઈ પટેલ** (માર્ગ, મકાન અને કેપીટલ પ્રોજેકટ) નો અમો **હ્દયપૂર્વક આભાર** માનીએ છીએ.




આ પ્રશ્નના ત્વરિત ઉકેલ માટે સક્રિય પણે યોગ્ય જગ્યાએ ભલામણો તથા રજુઆતો કરીને પ્રશ્નનું નિરાકરણ લાવવા બદલ માનનીય ધારાસભ્યશ્રી **અશોકભાઈ પટેલ** તથા ગાંધીનગર ભા.જ.પા. શહેર પ્રમુખશ્રી **નીતીનભાઈ પટેલ**ના **હ્દયપૂર્વક આભારી** છીએ.

● એચ.એમ. પટેલ ● સુરેશ પટેલ (Skumar) ● ચાણકય પટેલ ● રમેશભાઈ પટેલ (કેપીટલ)

તથા કાર્યકર્તા પરિવાર (ભા.જ.પા.)

ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર

**BON VOYAGE TO NASA, U.S.A.**



Srushti Chaudhari, Meshwa Patel, Dipty Chaudhari, Seema Chaudhari, Jinal Chaudhari, Harshraj Chaudhari, Shyam Chaudhari, Jaydeep Jaiswal, Fenil Patel, Nikita Chaudhari, Nirmal Shah, Shan Chaudhari, Akshay J. Patel, Jaydeep Desai, Varun Chaudhari

GANDHINAGAR International Public School

Having received the VISA for U.S.A., Gandhinagar International Public School congratulates you for the unique achievement. Wishing you the best for the training at NASA and U.S.A. trip.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ

ગુજરાતી અને ઈંગ્લીશ મીડીયમ

ગાંધીનગર - માણસા હાઈવે, રાંધેજા, ફોન : 079 23976821-22-23

visit us on : www.gipschool.com

mail to : gips.school@yahoo.com




**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com